**તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૨૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૫ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૬, સોમવાર ; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# ભ્રષ્ટાચાર સામે લડાઈની હજુ શરૂઆત છે

## ૧૨૫ કરોડ લોકોનો સાથ છે ત્યારે રોકાવાનો પ્રશ્ન નથી : દેશના હિતમાં જે પણ જરૂરી હશે તે તમામ પગલાં લેવાશે : વિરોધીઓએ ઘણીઅફવાઓ ફેલાવી છે : મોદી



નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાની વર્ષની અંતિમ મન કી બાતમાં વિરોધીઓ ઉપર યથાવત રીતે પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે નોટબંધી બાદ જુદા જુદા પ્રકારની અટકળી ફેલાવીને લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ દેશની પ્રજાએ સરકારનો સાથ આપવ્યો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે જ્યાં સુધી જનતાનો સાથ મળશે ત્યાં સુધી આવા લાકોની સામે લડવાની બાબત ખૂબ સરળ છે. તેમણે કહ્યું હતું કે બ્લેક મની અને ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર પીછેહટ કરવાનો કોઈ પ્રશ્ન નથી. મોદીએ કહ્યું હતું કે વારંવાર નિયમો બદલવાના મામલામાં સરકાર જનતા પાસેથી ફિડબેક મેળવે છે. જે નિયમ બદલાય છે તે તેમના આધાર ઉપર જ બદલવામાં આવે છે. લોકોની થઈ રહેલી તકલીફોને ધ્યાનમાં લઈને નિયમોમાં ફેરફાર કરવામાં આવે છે. બ્લેકમની પર કાર્યવાહી અને તેમાં પકડી પાડવામાં આવેલા લોકોને જાગૃત થયેલા નાગરિકો દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર ઉપર જ પકડી પાડવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## રોકડ ઉપાડ પર અંકુશ યથાવતની સંભાવના

આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીના નિર્ણય બાદ બેંકો અને એટીએમથી રોકડ રકમની ઉપાડની નક્કી કરવામાં આવેલી મર્યાદા ૩૦મી ડિસેમ્બર બાદ પણ જારી રાખવામાં આવી શકે છે. રોકડ ઉપાડ પર મુકવામાં આવેલી મર્યાદા યથાવત રહી શકે છે.

# રશિયન વિમાન દુર્ઘટનાગ્રસ્ત

## ૯૨ પ્રવાસીઓને લઈને જતું વિમાન કાળા દરીયામાં દુર્ઘટનાગ્રસ્ત થતા આઘાતનું મોજુ : વિમાનમાં નવ આર્મ ફોર્સના મ્યુઝીશીયન હતા

મોસ્કો, તા.૨૫

રશિયાનું લાપત્તા લશ્કરી વિમાન તૂટી પડ્યું છે. તેમાં મુસાફરી કરી રહેલા તમામ ૯૨ લોકોના મોત થયા હોવાની દહેશત પ્રવર્તી રહી છે. જોકે હજુ સુધી મોતના સંદર્ભમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. આજે આ વિમાન કાળા દરીયા નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાન સિરિયા જઈ રહ્યું હતું. રશિયન શહેર સોચીથી ઉડાણ ભર્યા બાદ તરત જ આ વિમાન રડારથી ગાયબ થઈ ગયું હતું.



સંરક્ષણ મંત્રાલયના એક અધિકારીએ કહ્યું છે કે ઘટના સ્થળ અંગે માહિતી મળી ગઈ છે. હજુ સુધી કોઈપણ વ્યક્તિ જીવિત મળ્યા હોવાની માહિતી મળી નથી. વિમાનનો કાટમાળ દરિયા કિનારેથી ૧.૫ કિલોમીટરના અંતરે ૫૦-૭૦ મીટર નીચે મળી આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર











